GRAM: "UNIVERSITY"

# સરદાર પટેલ યુનિવર્સિટી

Phone: (02692) 226807
Fax No.: (02692) 236475

પો.બો.નં.૧૦

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦(ગુજરાત)

NAAC Accreditation CGPA 3.25 Grade - 'A'
(23-1-2017 to 22-1-2022)

## પરીપત્ર

યુનિવર્સિટી સંલગ્ન તમામ ગ્રાન્ટ-ઇન-એઇડ/સેલ્ફાઇનાન્સ કોલેજ/ઈન્સ્ટટ્યૂટના આચાર્યશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટી સંલગ્ન તમામ ગ્રાન્ટ-ઇન-એઇડ/સેલ્ફાઇનાન્સ કોલેજ/ઈન્સ્ટટયૂટ્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અન્ય કોલેજ/ ઈન્સ્ટટયૂટ્સમાં ટ્રાન્સફરથી પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓને NOC ન આપનાર કોલેજો માટે તારીખ:૨૬-૬-૨૦૧૮ ના રોજ મળેલ સિન્ડિકેટ સભાએ ઠરાવ ક્રમાંક:૨૭ થી નીચેના ઠરાવ મુજબ યુનિવર્સિટી સંલગ્ન તમામ ગ્રાન્ટ-ઇન- એઇડ /સેલ્ફાઇનાન્સ કોલેજ/ઈન્સ્ટટયૂટ્સમાં ટ્રાન્સફર લઇને આવનાર વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમ અનુસાર ઇન્ટેક ની મર્યાદામાં પ્રવેશ આપવા જણાવવામાં આવે છે. તેની જાણ સંબધકર્તા શિક્ષકો,વહીવટી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને કરવી. તદ્ઉપરાંત તેનો અમલ ચૂસ્તપણે કરવા જાણ કરવામાં આવે છે.

**તારીખ:૨૬-૬-૨૦૧૮ ના રોજ મળેલ સિન્ડિકેટ સભાએ ઠરાવ ક્રમાંક: ૨૭ :**

સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓને એન.ઓ.સી. કે વિદ્યોર્થીઓના ઓરીજીનલ ડોકયુમેન્ટ્સ/ફી કોલેજમાંથી પરત મેળવવા અરજી કરતા હોય છે પરંતુ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ઓરીજીનલ ડોકયુમેન્ટ/ભરેલી ફી યુ.જી.સી.ની સમય મર્યાદા પ્રમાણે પરત ન કરતા હોય તેવા સંજોગામાં યુનિવર્સિટીએ અગાઉ કરેલા પરિપત્રનો અમલ ચૂસ્તપણે ચાલુ રાખવો, જયારે NOC ન આપનાર કોલેજો માટે, દસ દિવસની સમય મર્યાદા બાદ આપોઆપ NOC જે તે અરજદાર વિદ્યાર્થીને મળ્યા બરાબર સમજીને યુનિવર્સિટી દ્વારા પ્રવેશ બાબતે આગળની કાર્યવાહી કરશે.

કા. કુલસચિવ

નં.ડી/પરીપત્ર/૨૦૧૮-૧૯/૨૧૦૯
વલ્લભ વિદ્યાનગર
તારીખ:૭-૭-૨૦૧૮
પ્રતિ, આચાર્યશ્રી, યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/ઈન્સ્ટટયૂટ્સ તરફ..

File: D:\Zala\circular/4